## લેબર કોર્ટ, વડોદરાના કર્મચારી વળતર અધિનીયમ હેઠળ નિયુકત કમિશ્નરશ્રી અરૂણ સોની સાહેબ સમક્ષ

**<u>ડબલ્યુ.સી. (ફિટલ) નંબર : ૦૯/૨૦૧૯</u>**

**:: <u>આંક–૩૫ નીચે હુકમ</u> ::**

**(૧)** હાલની અરજીની સંક્ષિપ્ત હકીકતો એવી છે કે, સામાવાળા નં.૪ કંપનીએ વળતરની રકમ રૂ. ૧,૧૯,૫૧૯/– (અંકે રૂપિયા એક લાખ ઓગણીંસ હજાર પાંચસો ઓગણીંસ પુરા) જમા કરાવેલ. સામાવાળા નં. ૪ દ્ધારા જમા કરાવેલ રકમ ચલણ નં. – ૩૯/૨૦૨૫–૨૬, તા. ૦૭/૦૮/૨૦૨૫ થી અત્રેની કચેરીમાં જમા થયેલ હોય જે સંદર્ભે હુકમ કરી નામદાર ગુજરાત હાઈકોર્ટના સરક્યુલર નં. સી–૨૬૨૨/૨૦૦૯ ના હુકમ અન્વયે સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, વડોદરા ખાતે જજ, લેબર કોર્ટ એન્ડ એક્સ–ઓફિસીયો કમિશ્નરશ્રીના નામે સામાવાળા નં. ૪ દ્ધારા જમા કરાવેલ રકમ તા. ૨૫/૦૮/૨૦૨૫ ના રોજ એકાઉન્ટ નંબર: ૬૦૫૪૫૭૧૭૨૭૧ થી ફિક્સ ડીપોસીટ કરવામાં આવેલ છે, જેની ઝેરોક્ષ નકલ આ કામે રજુ છે.

**(૨)** અરજદાર દ્ધારા જાહેર કરવામાં આવેલ છે કે, સામાવાળા તરફે કોઈ અપીલ દાખલ કરવામાં આવેલ નથી. જેથી સદરહું રકમ પૈકી ૮૫% રકમ કોઇપણ રાષ્ટ્રીયકુત બેંકમાં ફીક્સ ડીપોઝીટ કરવી જોઇએ અને બાકીની ૧૫% રકમ અરજદારના નામે એકાઉન્ટ પેઇ ચેકથી ચુકવી આપવી જોઇએ, આથી તમામ સંજોગો, હાલના કેસનું રેકર્ડ તથા કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>// હુકમ //</u>

સદર કામે અરજદારને નીચે કોષ્ટકમાં જણાવ્યા મુજબ સદર કામે સામાવાળા નં. ૪ દ્ધારા જમા કરાવેલ રકમ રૂ. ૧,૧૯,૫૧૯/– (અંકે રૂપિયા એક લાખ ઓગણીંસ હજાર પાંચસો ઓગણીંસ પુરા) ની તારીખ: ૨૫/૦૮/૨૦૨૫ ના રોજ એકાઉન્ટ નંબર: ૬૦૫૪૫૭૧૭૨૭૧ થી કરવામાં આવેલ ફિક્સ ડીપોસીટ તોડી, નીચે જણાવેલ શરતોને આધીન ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

| ક્રમ નં. | નામ | ઉંમર | એકાઉન્ટ પેઈથી ચુકવવાની રકમ | એફ.ડી. કરવાની રકમ | એફ. ડી. ની મુદ્દત |
|---|---|---|---|---|---|
| ૧ | ઉર્મિલાબેન સોમાભાઇ | પુખ્ત | રૂા. ૧૭,૯૨૮/– | રૂા.૧,૦૧,૫૯૧/– | પાંચ વર્ષ |
| | | | **કુલ :** | રૂા. ૧ , ૧૯ , ૫૧૯ /– | |
| | | | | **કુલ :** | કુલ રકમ<br>**રૂા. ૧ , ૧૯ , ૫૧૯ /–** |

**:: શરતો ::**

(૧) અરજદારને એકાઉન્ટ પેઇ ચેકથી ચુકવવાની થતી રકમ તેઓની યોગ્ય અને પુરતી ઓળખ મેળવી ચુકવવાનું ઠરાવવામા આવે છે.

(૨) અરજદારને હાલનુ હુકમનું પાલન થાય ત્યાં સુધી એફ. ડી. નું જમા થયેલ વ્યાજ એકાઉન્ટ પેઇથી ચુકવી આપવુ.

(૩) જ્યારે એફ.ડી. ની રકમ અરજદારો તથા કમિશ્નરશ્રી વર્કમેન કોમ્પેનસેશનના સંયુક્ત નામે બેંક ઓફ મહારાષ્ટ્ર,કારેલીબાગ,વડોદારા કે જે કોર્ટથી નજીકના અંતરે આવેલ હોય તેથી તે રાષ્ટ્રીયકુત બેંકમાં મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) ફીક્સ ડીપોસીટની રકમ ત્રિમાસિક વ્યાજની ડીપોઝીટની સ્કીમમા મુકવાનું ઠરાવવામાં આવે છે અને તેની ઉપરનું જે વ્યાજ આવે તે અરજદારને ચુકવવું.

(૫) આ કામે અરજદાર ના વળતર પેટે જમા થયેલ રકમની માટે કરવામાં આવેલ ફિક્સ ડીપિઝીટ તોડ્યા તારીખ સુધી જમા થયેલ વ્યાજની રકમ અરજદારને એકાઉન્ટ પેઇ ચેકથી ચુકવી આપવું.

(૬) બેંકને આથી આદેશ કરવામાં આવે છે કે, બેંકે ફીક્સ ડીપોઝીટની રકમ પાક્યા પહેલાં તેમજ કોર્ટની પરવાનગી સિવાય સદર ફિક્સ ડીપોઝિટની રકમ ઉપર કોઇપણ એડવાન્સ આપવા નહીં કે કોર્ટની પરવાનગી વિના ફીક્સ ડીપોઝીટ અન્ય બ્રાન્ચમાં ટ્રાન્સફર કરવી નહીં.

(૭) ફીકસ ડીપોઝીટ રસીદની ઝેરોક્ષ નકલ અદાલત સમક્ષ રજુ કરવી જ્યારે અસલ રસીદ પક્ષકારોને આપવી.

મારી રૂબરૂ

(અરૂણ સોની)

તારીખ: ૧૬/૦૧/૨૦૨૬ — પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી,

સ્થળ: વડોદરા — લેબર કોર્ટ નંબર (૩), વડોદરા.